## સલામી સવારની..



સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

*વ્યવસ્થિત ગોઠવણે વિશ્વમાં છવાઈ જાય છે,*
*ને અહીંના કરતૂતોથી છાપ ધોવાઈ જાય છે,*
*વિંખાઈ જાય વિકાસનાં વાદળ, ફરે બણગા -*
*તૂટે સપનાં ને હવાઈ કિલ્લા ભેદાઈ જાય છે...*

હાઈકુ

*મારે ગૂંલાટો,*
*એમની રાજનીતિ*
*વાનર જેમ !*

*કરે પ્રવાસો,*
*પ્હોંચે કવિની જેમ*
*હેતુ ન ધ્યેય*

### ચિંતન

*માલા બનાઈ કાષ્ટ કી, ઉસમેં ડાલા સુત,*
*માલા બિચારી ક્યાં કરે, ભજનેવાલા કપૂત*

**ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.**

**મનુષ્યે ઈશ્વર સ્મરણ કરવા, પ્રભુના નામના જાપ કરવા ચંદન જેવા કિંમતી કાષ્ટની માળા બનાવી. આવા સુંદર કાષ્ટના મણકા બનાવીને તેમાં સૂતરનો દોરો પરોવીને પણ જો માળા ફેરવનારો કુપાત્ર હોય, તેનું મન ચંચળ અને અસ્થિર હોય, માળા હાથમાં ફરતી હોય એ ચિત્ત અનેક જગ્યાએ ભટકતું હોય અને તે અસ્થિર મનનો માનવી મન લગાડીને એક ચિત્તે માળા ન ફેરવે, સ્થિર મનથી પ્રભુ સ્મરણ ન કરે તો તેનું કલ્યાણ કેમ થાય ? માળા તો મનને સ્થિર રાખવાનું એક સાધન છે. મનનો માલિક માનવી મનને વશમાં ન રાખે તો તેમાં માળાનો શું દોષ ?**

### સુવિચાર

- સમજણના લેન્સ વગર શાંતિ બેલેન્સ ન રહે - **એસ. ભટ્ટાચાર્ય**
- માન હોય કે અપમાન, માને સમાન તે મહાન - **જીવનસૂત્ર**
- કહેવું ખરું, કનડવું નહિં, બોલવું ખરું, બગાડવું નહિં - **સંત વર્ગીસ**
- સરખામણી નહિં તો જીંદગી અળખામણી નહીં - **રીઝવાન ગુજરાતી**
- 'સ્વ' એ જ કહેવાય, જે 'સર્વસ્વ' હોય - **બોધિવૃક્ષ**
- ખરો માણસ ખારો લાગે, ખોટો માણસ સારો લાગે - **હંસલ ભચેચ**
- આજનું ઔષધ : લીંબુના રસમાં ૫ ગ્રામ અફિણ ઘોળી તેનો લેપ માથામાં કરવો, ૩૦ મિનિટ પછી માથું ધોઈ નાખવું. આ પ્રયોગ બે મહિના કરવાથી ટાલમાં વાળ ઉગે છે

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

સાચા સંતની ધર્મની વાતો અને ઉપદેશની સૌ પ્રશંસા કરતા હતા એમની પાસે ચર્ચા કરવા એક વિદ્વાન પંડિત આવ્યો. તેણે સંતને કહ્યું, 'આપના કરતાં તો હું વધારે ભણેલો છું, ન્યાયશાસ્ત્ર, પુરાણ, વેદ તથા બીજા ઘણાં ગ્રંથો મને કંઠસ્થ છે. છતાં લોકો મારો ઉપદેશ કેમ ગ્રહણ નથી કરતા? તમને સાંભળવા લોક ભેગું થાય છે પણ મારી વાણી સાંભળવા કેમ કોઈ આવતું નથી.'

સંતે કહ્યું, 'એક ગ્લાસમાં પાણી ભરેલું હતું, પાણી ઉપર તેલ હતું અને તેલમાં રહેલી વાટથી દીવો પ્રકાશી રહ્યો હતો. પાણીને ઈર્ષ્યા આવી તેને મનમાં થયું, 'અરે તેલ ! હું સર્વથી વિશેષ છું, સમસ્ત જીવન સૃષ્ટિનો જીવન આધાર છું, જો હું ન હોઉં તો આખીય સૃષ્ટિ મૃત્યુ પામે, પાણી વિના ખેતી ન થાય. છતાં મારા માથે ।જે તેલ ચડીને બેઠું છે...''

તેલે નમ્રતાથી કહ્યું, 'તને સર્વોપરિતાનું અભિમાન છે, જયારે હું તો દીન-હીન છું, સૌપ્રથમ મારા બ્રીજને પૃથ્વીમાં દાટવામાં આવે છે પછી તેના પર હળ ફેરવવામાં આવે છે, મારા વૃક્ષને કાપી મારા બીજને ઘાણીમાં પીલવામાં આવે છે અને મને જુદું કરવામાં ઓ છે, એટલું જ નહીં પણ મને બાળવામાં પણ આવે છે. છતાં પણ હું આપમેળે બળી જગતને પ્રકાશ આપું છું. અને તેથી જ પ્રભુએ મને તારા પર બેસવાની શક્તિ આપી છે.' વિદ્વાન પંડિત સમજી ગયા અને સંતને પગે લાગી ચાલતાં થયાં.

# દલિત સમાજની પીડા નિવારીએ

ઊંઝા પંથક ધીમે ધીમે ઊનાની પંગતમાં સરકી રહ્યો છે. અલબત્ત બેઉ સ્થળોએ થયેલ દલિત અત્યાચારની ઘટનાનો અલગ છે. દલિત સમાજ અંતર્ગત આવતી પેટા જ્ઞાતિઓ પણ અલગ છે. પરંતુ બેઉ વચ્ચેનો જે લઘુત્તમ સામાન્ય અવયવ - કોમન મિનિમમ ફૅક્ટર છે તે દલિત સમાજ પર થતા રહેતા અત્યાચારનો છે. ઉનામાં ગૌવંશ હત્યાની શંકાથી નિર્દોષ રોહિતભાઈ પર હિંદુ સવર્ણ સમાજના કહેવાતા ઠેકેદારો દ્વારા ક્રૂર અત્યાચાર કરાયો હતો. વળી આ અત્યાચારીઓ સીધી રીતે શાસક પાર્ટીના સમર્થક તરીકે જાણીતા હતા. ઊંઝા પંથકની જે કમનસીબ ઘટના ચર્ચામાં છે એમાં દલિત સમાજના સભ્યોને ફાળવાયેલ જમીન મુદ્દે શાસક તંત્રની ચસમપોશી જવાબદાર છે. વણકર સમાજ દલિત રાજકારણમાં પણ વર્ચસ્વ ધરાવે છે, છતાં તંત્ર એના કર્મશીલો અગ્નિસ્નાનની છેલ્લામાં છેલ્લી ચીમકી આપે ત્યાં લગી નઘરોળ બની કોઈ જ કોઠું ન આપે તે કેવી વિડંબના છે! એક તરફ આખેઆખા બાબાસાહેબને બળજબરી પૂર્વક હાઈજેક કરવાના પોલિટિકલ કારસા થતા રહે છે, વડાપ્રધાન જાહેરમાં ગળગળા થઈ પોતે આવા ઉચ્ચ પદ પર પહોંચી શક્યા તે રૂડા પ્રતાપ બાબાસાહેબ રચિત બંધારણના - એવાં વિધાનો કરી દલિત સમાજ સાથે પોતે કેટલી આત્મીયતા અનુભવે છે એનો અહેસાસ કરાવવાનો પ્રયાસ કરતા રહે છે. કઠોર વાસ્તવ કંઈ જુદો છે. દલિતોને કાગળ પર ફાળવાયેલી જીનનો કબજો સોંપાતો નથી અથવા વર્ષો સુધીના ભોગવટાવાળી જમીનો એમના નામે કરાતી નથી. શહીદી વહોરનાર કર્મશીલે પોતાના અંગત સ્વાર્થ ખાતર નહીં પણ સમાજના અન્ય સાથીઓ માટે આત્યંતિક પગલું ભર્યું છે. એ દૃષ્ટિએ તેનો વીરમાયાની પંગતમાં બેસવાના અધિકારી બને છે. વીર માયાએ અલબત્ત, હસતે મોઢે પોતાના સમાજની દુર્દશા દૂર કરવાની માગણી સાથે બલિદાન આપ્યું હતું. અહીં ભાનુભાઈએ દુ:ખી થઈને આત્યંતિક પગલું ભરવું પડ્યું છે. જો તંત્રે એમની વાત કાને ધરીને સમયસર પગલાં ભર્યાં હોય તો એમને આવું કમકમાટીભર્યું મોત વહોરવાનો શોખ તો નહોતો જ. છેક મુખ્યમંત્રી સુધી થયેલી રજૂઆત પણ બહેરા કાને અથડાઈ ત્યારે જ કર્મશીલ ભાનુભાઈએ આત્મવિલોપનની ધમકીનો અમલ કરવાનો નિર્ણય કર્યો હશે. રાજાશાહીમાં ચારણો દ્વારા આવા તાત્રાં થતાં. પોતાની ઉચિત માગણીનો અનાદર થયો ત્યારે લોહી છાંટીને મરવાનો છેલ્લો ઉપાય જ બાકી રહેતો. લોકશાહીમાં તો લોકો જ રાજ કરતા હોવા જોઈએ. પરંતુ એમાં જયારે કોઈ તલાટી જેવી મહેસૂલ ખાતાની નોકરીમાંથી નિવૃત્ત થયેલ કર્મશીલને આવું આત્યંતિક પગલું ભરવું પડે ત્યારે આપણો લોકશાહી કેટલી પોકળ છે, એની પ્રતીતિ થયા વિના નથી રહેતી. ભાનુભાઈને ઍપોલો જેવી શ્રેષ્ઠ હૉસ્પિટલમાં મરવાની તક આપીને સરકારે મીઠી મજાક જ ઉડાવી ગણાય. ફક્ત દલિત નેતાઓ કે વિપક્ષે અથવા જિજ્ઞેશ મેવાણી જેવા મહત્વાકાંક્ષી દલિત આગેવાને આવી કમનસીબ ઘટનાને રાજકીય કારકિર્દીને ઓપ આપવા વટાવવી ન જોઈએ. આ મુદ્દે સમાજમાં જાગૃતિ ફેલાવવા સમાજના તમામ પ્રબુદ્ધ નાગરિકોને સાથે રાખી, ખુદ શાસક પક્ષને પણ સાથે લઈ કંઈક એવા પરિણામલક્ષી કાનૂનના નિર્માણ અને અમલ તરફ આગળ વધવાની જરૂર છે. એમાં ફક્ત દલિત સમાજના ધારાસભ્યો જ નહીં, બાકીના તમામ પણ એક અવાજે આ મુદ્દે સહકાર આપી એવી વ્યવસ્થા (સિસ્ટમ) ઊભી કરે કે ભવિષ્યમાં કોઈ બત્રીસલક્ષણાને ભડભડ સળગી જઈ ગરવી ગુજરાતની નાલેશી કરવાની જરૂર જ ન પડે.

તંત્રીસ્થાનેથી...

# 'વૃધ્ધ માતા પિતાના ભરણપોષણની જવાબદારી ફરજીયાત કરાશે : સરકાર



કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

**સામાજીક ન્યાય અને અધિકાર મંત્રાલય દ્વારા પગલા ભરાશે**

**વૃધ્ધ માતા પિતાને સરકાર દ્વારા રક્ષાણ પૂરૂં પાડવા કાયદામાં બદલાય લાવવામાં આવી રહ્યો છે**

વૃધ્ધ માતા પિતાનું ભરણપોષણ કરવું એ સંતાનની નૈતિક અને સામાજીક જવાબદારી તથા ફરજ બને છે પરંતુ હાલના સંજોગોમાં માતા પિતા વૃધ્ધ થતા સંતાનો તરફથી ઉપેક્ષીત થતા જાય છે તેમજ સંતાનો પણ આધુનિક જીવનશૈલી, જવાદારીમાંથી છટકવાની મનોવૃત્તિ તથા પોતાના મોજ શોખમાં આડે આવતા માતા પિતાની દેખરેખ, સારસંભાળ, દવાદારૂ તથા ભરણપોષણની જવાબદારીથી હાથ ખંખેરી નાંખે છે. માતા પિતાએ આજીવન કમાયેલ મુડી દિકરા-દિકરીઓના શિક્ષણ, ઘડતર તથા લગ્ન પાછળ ખર્ચી નાંખેલ હોય ત્યારે પાછલી ઉંમરમાં આવકનું કોઈ જ સ્રોત ના હોય સંતાનો ઉપર નિર્ધાર રાખવો પડતો હોય છે. આવા સંજોગોમાં માતા પિતાને ઘરબાર છોડાવી વૃધ્ધાશ્રમનો માર્ગ બતાવી દે છે. અસહાય, નિસહાય રીતે માતા પિતા પોતાનું જીવન નિર્વાહ લાચારી તથા દુર્દશામાં વિતાવવા મજબુર બને છે.

પરંતુ વૃધ્ધ માતા પિતાની સેવા તથા ભરણપોષણ કરવું એ સંતાનો માટે ફરજીયાત બનાવવા સરકાર પગલા ભરી રહી છે. નવી દિલ્હીમાં આ માટે કાયદામાં જરૂરી સુધારા વધારા કરવા ઠરાવ્યું છે. હાલમાં માતા પિતાએ સંતાનો પાસે ભરણપોષણ મેળવવા માટે કોર્ટ કચેરીના ધક્કા ખાવા પડે છે જેમાં ઘણો જ સમય અને નાણાનો વ્યય થાય છે. વૃધ્ધ અશકતો માટે આ તબક્કામાંથી પસાર થવું એ કઢીન જ નહિ નામુમકીન હોય છે જે ટેકનિકલ કાયદાનો લાભ સંતાનો મેળવી પોતાની જવાબદારીમાંથી સરળતાથી કાયદાની છટકબારીમાંથી છટકી જાય છે પરંતુ હવે વૃધ્ધ માતા પિતાને સરકાર દ્વારા રક્ષાણ પૂરૂં પાડવા કાયદામાં બદલાય લાવવામાં આવી રહ્યો છે. જે માટે વૃધ્ધોએ પોતાના સંતાનો સામેની ફરીયાદ નોડલ અધિકારી સમક્ષ કરતા તરત જ કાયદાકિય કાર્યવાહી કરી સંતાતોને તેમના ફરજનું ભાન નોડલ અધિકારી દ્વારા કરાવવામાં આવશે અને માસીક ભરણપોષણ, દવાદારૂ તથા સારસંભાળ રાખવા હુકમ કરી શકશે. અગરતો કેરટેકરની વ્યવસ્થા માતા પિતા માટે સંતાને કરવી ફરજીયાત થશે. વૃધ્ધ માતા પિતા સંતાનો પાસેથી પોતાનું નિર્વાહ ભથ્થું, ભરણપોષણ પેટે મેળવી શકશે.

નોડલ અધિકારીની જોગવાઈ જુના કાયદામાં પણ છે પરંતુ તેનો ઉપયોગ કોર્ટ મારફત આદેશ મેળવીને જ કરવામાં આવે છે જેમાં પોલીસ સ્ટેશન અને કોર્ટ કચેરીના ધક્કા વૃધ્ધોએ ખાવા પડે છે જે તેમના માટે અક્ષમ્ય હોય છે. પહેલા નોડલ અધિકારી પાસે માત્ર ફરીયાદ લેવાના જ અધિકાર હતા અને આ ફરીયાદને કોર્ટ કે પોલીસ સ્ટેશન હુકમ માટે રવાના કરવા સીવાય કોઈ જ કાર્યવાહી નોડલ અધિકારી કરતા ના હતા હવે ફરીયાદ લઈ તેનો યોગ્ય હુકમ તથા તેના અમલવારીની જવાબદારી તથા સત્તા નોડલ અધિકારીને નવા નિયમ મુજબ સુપ્રત કરવામાં આવનાર છે. આવનાર દિવસોમાં કોર્ટ કેસોના ભરાવાનો પણ આ નિયમથી નિકાલ થશે અને બાકીના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૨૫ મુજબના ભરણપોષણ મેળવવાના સ્ત્રીઓના કેસોનો પણ ઝડપી નિકાલ આવી શકશે.

સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલય આ બાબતે ખુબ જ ઝડપથી કાયદામાં તથા નિયમોમાં તેમજ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમોમાં સુધારા વધારા કરી તેને સમગ્ર દેશમાં લાગુ કરવા પ્રયત્નશીલ છે. સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલયે આ માટે દરેક રાજયો પાસેથી જરૂરી સૂચનો મંગાવ્યા છે. સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલય પાસે આ માટે એક કાયદો છે પરંતુ તેમાં જરૂરી સુધારા વધારા કરી ઝડપથી તત્કાલ ન્યાય અપાવી શકે તેવા પ્રયત્નો રૂપ સમાજમાં વૃધ્ધ માતા પિતા તરફે જાગૃતતા આવે હક્ક અને ફરજપાલનનું ભાન સંતાનોને કરાવવા કટીબધ્ધ છે.

સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા સંતાનો દ્વારા ઉપેક્ષીત વૃધ્ધો માટે વૃધ્ધાશ્રમ ખોલવામાં આવશે જયાં વૃધ્ધોને શાંતિ અને સલામતીથી સરકાર દ્વારા રાખવમાં આવશે પરંતુ તેના નિભાવનો ખર્ચ તેમના સંતાનો પાસેથી વસુલ કરવામાં આવશે તેમજ આવો નિભાવ ખર્ચ આપવામાં આનાકાની કરતા કાયદા દ્વારા સખ્ત પગલા સંતાનો વિરૂધ્ધ ભરવામાં આવશે

સામાજીક ન્યાય અને અધિકાર મંત્રાલય દ્વારા વૃધ્ધાશ્રમમાં જ સ્વાસ્થ્ય અને આરોગ્યલક્ષી સુવિધાઓ ઉભી કરવામાં આવશે જેથી વૃધ્ધોને

અનુસંધાન પાના નં. ૭ પર

# જિંદગીમાં બીજાને જીતાડવામાં પણ સહાયક બનીએ



WhatsApp ઑફ ધી વીક

નેહલ ગઢવી

નાનાં અમથાં આજ ભલે ને, કાલે મોટા થાશું;
અમે તો ગીત ગુલાબી ગાશું!
કળી-કળીનાં ફૂલ થાય ને બુંદ-બુદનો દરિયો;
નાની અમથી વીજ ચમકતી આભે થઈ ચાંદલિયો;
મસ્થ થઈને અજાણ પંથે અમે એકલાં જાશું;
અમે તો ગીત ગુલાબી ગાશું !

**- સુરેશ દલાલ**

ડિસેમ્બર, જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહિનામાં શિયાળાની ઠંડી, મનભાવતા લીલાછમ્મ શાકભાજી અને લગેનોની પૂરબહારમાં જામેલી લિજ્જતભરી મહેફિલ. આ તમામને માણ્યા બાદ ફેબ્રુઆરીના અંત સુધીમાં તો બાળકોને પરીક્ષાનો હાઉ સ્વપ્નમાંથી જગાડવા લાગે ઓછે. શાળા, કૉલેજો, વિદ્યાર્થીઓ અને શિક્ષકો તેમ જ માતા-પિતા એક Raceની finishing line તરફ જલ્દીથી પહોંચવા પોત-પોતાની રીતે પ્રયાસ કરવામાં જોડાઈ જાય છે. બધાને નંબર-૧ જ થવું હોય છે અને જેને ખબર છે કે નં.૧ તો ઠીક પાસ થવામાં પણ તકલીફ છે તેના પર તો આખા બ્રહ્માંડનો બોજો આવી પડે છે. આજકાલના નાના-નાના ભૂલકા પણ એટલા સ્માર્ટ અને ચાલાક બની ગયા છે કે પોતે કેટલું વાંચે છે, કેવી રીતે પરીક્ષાની તૈયારી કરે છે એ વાત કોઈને જણાવતા નથી તેમજ કોઈ નબળા વિદ્યાર્થીને મદદ કરવા કે તેને નોટબુક પૂરી કરવા આપવા પણ ચોખ્ખીચટ્ટ 'ના' જ પાડી દેતો હોય છે. જો કે, આમાં વાંક બાળકોનો નહિ પરંતુ માતા-પિતાનો તેમજ આપણી શિક્ષણ પદ્ધતિનો છે.

આજના આ સખત હરિફાઈના યુગમાં વિદ્યાર્થીઓ કંઈક નવું શીખવાની ધગશ ધીરે ધીરે ગુમાવી રહ્યા છે અને કઈ રીતે આ 'રેસ'માં પ્રથમ આવવું એ જ તેમનો મુખ્ય હેતુ બની રહે છે. વધુ પડતી જ સ્વ-કેન્દ્રી પેઢી આપણે તૈયાર કરી રહ્યા છીએ. પોતાની સાથે ભણતા કોઈને મદદ કરવામાં સમય વ્યર્થ કરવા કરતાં પોતાનામાં વધુ ધ્યાન આપીને વધુ માર્કસ મેળવી શકાશે એમ તેમના બાળમાનસમાં ઠાંસી ઠાંસીને ભરવામાં આવ્યું છે. સફળતાને જીરવતાં અને નિષ્ફળતાનો સામનો કરતા તેમને કોઈએ શીખવ્યું જ નથી. માત્ર શોર્ટ ટર્મ ગોલ સેટ કરીને તેમને માત્ર પુસ્તકિયું જ્ઞાન આપવામાં તેમને જીવનનું ઘડતર અને ખરી તકલીફોનો સામનો કરતા શીખવવું આપણે સૌ ભૂલી રહ્યા છીએ. પરિણામે, શાળા-કૉલેજોની પરીક્ષામાં ફટાફટ પાસ થઈ જતા વિદ્યાર્થીઓ જીવનની નાની એવી પરીક્ષા, નિષ્ફળતા કે હતાશાનો સામનો કરતાં હારી બેસે છે અને આત્મહત્યા જેવું જીવલેણ પગલું લેતા પણ અચકાતા નથી.

ડેનિલ મઝગાંવકરની એક સુંદર વાત આપણને ઘણું બધું સમજાવી શકે છે :

કેટલાક વરસ પહેલાં અમેરિકાના સિએટલ શહેરમાં એક વિશેષ પ્રકારની ઑલિમ્પિક સ્પર્ધાનું આયોજન થયું હતું. એક દિવસ નવ સ્પર્ધકો દોડની સ્પર્ધા માટે ઊભા થઈ ગયા. તે નવે નવ જણ જન્મથી જ શારીરિક કે માનસિક મંદત્વના શિકાર બનેલાં હતા. તેમ છતાં તે નવ ભાઈ-બહેનો એકસો મીટરની દોડ માટે એક કતારમાં ઊભા રહી ગયા હતા. પિસ્તોલનો અવાજ સાંભળીને બધાંએ દોડવાનું શરુ કર્યું. દોડવાનું તો શું, લથડતા પગે બીજા છેડે પહોંચવા માટે બધાં નીકળી પડ્યા. તે સ્પર્ધામાં કોણ પહેલું આવે છે, તે જોવાનું હતું.

બધાં ધીરે-ધીરે આગળ વધતાં હતા. પણ તેઓમાં એક સાવ નાનો છોકરો હતો. તે થોડેક સુધી તો ખૂબ મહેનત કરીને બધાંની સાથે ચાલ્યો, પણ પછી લથડીને વચ્ચે જ પડી ગયો. નાનો હતો, રોવા લાગ્યો.

બીજા આઠ જેઓ થોડાંક આગળ નીકળી ચૂક્યા હતા, એમણે આનો રોવાનો અવાજ સાંભળ્યો એટલે પોતાની ગતિ ધીમી કરી નાખી અને પાછળ ફરીને જોયું. પછી એ બધાં પાછા ફરી ગયા અને આ પડી ગયેલા છોકરા તરફ ચાલવા માંડ્યાં. તે આઠમાં એક છોકરી હતી, જે પોતે પણ બૌદ્ધિક મંદત્વની શિકાર હતી. પેલા છોકરા પાસે આવીને તેણે નીચે નમીને તેનો હાથ પકડ્યો, તેને બેઠો કરીદીધો, અને પ્રેમથી તેને ચૂમી લેતાં એ બોલી, 'ચાલ, હવે તને કશો વાંધો નહીં આવે.'

ત્યારબાદ ફરીએ બધા નવ સ્પર્ધકો એકબીજાના હાથ પકડીને દોડતા અંતિમ છેડા સુધી ચાલવા લાગ્યા અને બધાંએ મળીને એક સાથે દોરડું પાર કર્યું.

તે વખતે ત્યાં જેટલાયે દર્શક હાજર હદા તેમને એ દશ્ય ભૂલ્યું ભૂલાયું નથી. કેમ કે પોતપોતાના હૃદયના ઊંડાણમાં આપણે બધા એક વાતની બરાબર અનુભૂતિ કરીએ છીએ કે આ નાનકડી જિંદગીમાં કેવળ પોતાની જ જીત માટે કોશિશ - કરતાં રહેવાનું પૂરતું નથી. જરૂર તેની છે કે આપણે સહુ આ જિંદગીમાં બીજાને જીતાડવામાં પણ સહાયક બનીએ, પછી ભલેને તેમ કરતાં આપણી પોતાની ગતિ થોડીક ધીમી કરવી પડે અથવા આપણે આપણી રાહ થોડી બદલવી પડે.'

આજની આ તેજ રફતાર ભરી જિંદગીમાં થોડી ક્ષણો થોભીને પોતાના અંતરઆત્માને જાગૃત કરીએ તો આપણી આસપાસ રહેતા તમામને કઈ રીતે મદદરુપ થઈ શકાય એ વિષે વિચારતા બની જવાય. એને તેનાથી સામેવાળાની મદદ તો થાય જ પણ એ મદદ કર્યાના સંતોષની લાગણી આપણા માટે પણ દિવ્ય અનુભવ સમી બની રહે છે. બાળકોના કુમળા માનસ પર અત્યારથી આપણી મહત્ત્વાકાંક્ષાઓના બોજ નાખી દઈને એક નિરાશ લાગણીહીન અને સંવેદન રહિત પેઢીનું ઉત્પાદન કરવું બંધ કરીએ. કોઈ પણ પરીક્ષા એ કયારેક જીવનની અંતિમ પરીક્ષા નથી તેમ બાળકને સમજાવીએ તો તે વધુ નિરાંતે પરીક્ષા માટે સજ્જ બની રહેશે. પરીક્ષામાં પાસ કે નપાસ થવું એ બંને પરિસ્થિતિનો સહજતાથી સ્વીકાર કરવાનું બાળકને ખાસ શિખવીએ.

**Last Seen :**

નાનકડી કેડીનો થાતો મારગ કેવો મોટો;
એવા મોટા થઈશું કે નહિ જડે અમારો જોટો!
હશે હોઠ પર સ્મિતઃ આંખમાં કદી હોય નહિં આસું,
અમે તો ગીત ગુલાબી ગાશું !

**- સુરેશ દલાલ**

- nehalgadhavi101@gmail.com

# વડોદરામાં મરાઠી સાહિત્ય સંમેલન અને મહારાજા સયાજીરાવની માનવંદના



અતિતની આજ

ડો. હરિ દેસાઈ

સંસ્કારનગરી વડોદરાને આંગણે આઝાદ ભારતમાં પહેલીવાર આગામી ૧૬,૧૭ અને ૧૮ ફેબ્રુઆરી દરમિયાન ૯૧મા મરાઠી સાહિત્ય સંમેલનનું આયોજન થયું..અગાઉ વડોદરાના પ્રજાવત્સલ રાજવી મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજાની હૂંફથી વર્ષ ૧૯૦૯,૧૯૨૧ અને ૧૯૩૪માં અહીં મરાઠી સાહિત્ય સંમેલન યોજાયાં હતાં,પણ આઝાદી પછી પહેલીવાર હજારો મરાઠી લેખકો, ભાવકો અને પ્રકાશકોની ઉપસ્થિતિમાં રાજમાતા શુભાંગિનીરાજે ગાયકવાડના સ્વાગતાધ્યક્ષપદે વડોદરા નગરીમાં આ ઓચ્છવનો પ્રસંગ આવ્યો. સંમેલનના અધ્યક્ષ તરીકે ''ઈન્કિલાબ વિરુદ્ધ જિહાદ'' નામક મહાનવલના સર્જક એવા નિવૃત્ત આઈએએસ અધિકારી લક્ષ્મીકાંત દેશમુખ હતા.દેશ અને દુનિયાભરના મરાઠી સાહિત્યની ચર્ચાની સાથે જ ભગિની ભાષા ગુજરાતીના ઉત્તમ સર્જકો પણ મરાઠી સર્જકો સાથે એક મંચ પર આવે એવું વ્યાપક આયોજન થવું સ્વાભાવિક છે.આયોજનનો યશભાગ વડોદરાની મરાઠી વાંગ્મય પરિષદના અધ્યક્ષ દિલીપ ખોપકર અને સાથીઓને શિરે જાય છે. મરાઠી સાહિત્યકારો ડાબેરી, જમણેરી, સમાજવાદી, સાવરકરવાદી, આરએસએસ વાદી જેવી અનેક વિચારધારાઓ સાથે અનુબંધ જાળવીને પણ એક મંચ પરથી માય બોલી મરાઠીની સેવા કરવામાં સંગઠિત થઈ શકે છે એ એમની વિશેષતા અને તાસીર છે.

- **પ્રજાવત્સલ રાજવી પર પચાસ ગ્રંથ પ્રકાશિત કરીને ગુજરાત સરકારનું કામ હળવું કરવાનો મહારાષ્ટ્ર સરકારનો સંકલ્પ**
- **૧૯૦૯,૧૯૨૧ અને ૧૯૩૪ પછી સ્વતંત્ર ભારતમાં વડોદરામાં પહેલીવાર ફેબ્રુઆરીમાં ૯૧મા સાહિત્ય સંમેલનનું આયોજન**
- **મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં ૧૨ ગ્રંથનું લોકાર્પણ**
- **નવલકથાકાર લક્ષ્મીકાંત દેશમુખની અધ્યક્ષતામાં મળનારા મરાઠી સંમેલનનાં સ્વાગતાધ્યક્ષ રાજમાતા શુભાંગિનીરાજે**
- **રાઈટ બંધુઓએ ૧૯૦૩માં વિમાન ઊડાડ્યું એ પહેલાં મહારાજાની મદદથી ૧૮૯૫માં પુણેના તળપદેએ ઉડાડ્યાનો દાવો**

**દુર્ગાતાઈ ભાગવતની બાહોશીનું સ્મરણ**

મરાઠી પ્રજા ગુજરાતી પ્રજાની જેમ ''શું શાં પૈસા ચાર''ની માનસિકતાથી પીડાતી નથી. સત્તાધીશો સામે લોટાંગણ થવાને બદલે વડા પ્રધાન ઈન્દિરા ગાંધીની ઈમર્જન્સીના કાળા દિવસોમાં મરાઠી સાહિત્ય સંમેલનનાં અધ્યક્ષ દુર્ગાતાઈ ભાગવતે તો ખુલ્લેઆમ વાણી અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્યનો બૂંગિયો ફૂંકવાની હિંમત કરી હતી. એટલુંજ નહીં, કરાડ ખાતે ઈમર્જન્સી દરમિયાનના મરાઠી સાહિત્ય સંમેલનના સ્વાગતાધ્યક્ષપદે કેન્દ્રના મંત્રી યશવંતરાવ ચવ્હાણ હોવા છતાં મહાન લેખિકા દુર્ગાતાઈએ નિર્ભીકપણે ભાષણ કરવા ઉપરાંત લોકનાયક જયપ્રકાશ નારાયણની તબિયત માટે ઉપસ્થિતોને બે મિનિટ ઊભા થઈને પ્રાર્થના કરવા જણાવ્યું હતું.એ વખતે ઈન્દિરા મંત્રીમંડળના સભ્ય ચવ્હાણે પણ ઊભા થવું પડ્યું હતું ! મહદઅંશે મરાઠી સાહિત્ય સર્જકો રાજકીય શાસકોને સાહિત્ય સંમેલનના મંચ પર ઝાઝા ઝળૂંબવા દેતા નથી. ઉદઘાટન સત્ર કે સમાપન સત્રમાં એમને તેડાવીને બાકીનાં સત્રોમાં મોકળા મને ચર્ચા કરે છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં મહારાજા સયાજીરાવ પરના ૧૨ ગ્રંથનું લોકાર્પણ વેળા મહારાષ્ટ્રના મરાઠી ભાષા મંત્રી વિનોદ તાવડે અને ગુજરાતના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની હાજરી સિવાય રાજનેતા સાહિત્ય સંમેલનથી દૂર રહે. મરાઠી રાજનેતાઓ પણ ટીકાને હસતે મોઢે સહન કરવા જેટલી ઉદારતા માટે જાણીતા છે. મરાઠી સાહિત્ય સંમેલનોમાં હજારો લોકો ઉમટે છે.ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનનો આંકડો હજારે પહોંચતાં નવનેજાં પાણી ઉતારવાં પડે છે.આસામી અને બંગાળી ભાષાનાં સાહિત્ય સંમેલનોમાં લાખો લોકો સહભાગી થાય છે.ગુજરાતી પ્રકાશકો પુસ્તકો નહીં વેચાતાં હોવાની ભારે બૂમરાણ મચાવે છે, જયારે મરાઠી,બંગાળી અને આસામી ભાષાનાં પુસ્તકો ખરીદવા ભાવકોનો ભારે ધસારો રહે છે.

**મહારાજાનો મરાઠી- ગુજરાતી પ્રત્યે અનુરાગ**

વર્ષ ૧૯૦૫માં મહારાજા સયાજીરાવ યુરોપના પ્રવાસેથી પાછા ફર્યા ત્યારે યુરોપનો વિકાસ સાર્વજનિક વાચનાલયોના પ્રતાપે થયાની સમજણ સાથે ગ્રંથપ્રસારને મહત્વ આપવાનો સંકલ્પ કરવા પ્રેરાયા. એ માટે અમેરિકાની યેલ વિદ્યાપીઠમાં ગ્રંથાલયના નિષ્ણાત ડબલ્યૂ.એ.બોર્ડનને તેમણે ૧૯૧૦થી ડિરેક્ટર ઓફ સ્ટેટ લાયબ્રેરીઝના હોદ્દે નિયુક્ત કર્યા હતા.વડોદરા રાજ્યમાં મહારાજાએ ૧૫૦૪ ગ્રંથાલયો શરૂ કરીને પ્રજાને સુસંસ્કૃત કરવાની ચળવળ શરૂ કરી હતી.પ્રાચ્યવિદ્યામંદિર (ધ ઓરિયેન્ટલ ઈન્સ્ટિટ્યૂટ)ની ૧૯૨૭માં સ્થાપના કરી. ડિસેમ્બર ૨૦૧૭ સુધીમાં આ સંસ્થાના માધ્યમથી ગુજરાતી,મરાઠી, હિંદી, સંસ્કૃત અને અંગ્રેજીમાં કુલ ૯૩૪ પુસ્તકોનું પ્રકાશન થયું હોવાનું ૯૧મા મરાઠી સાહિત્ય સંમેલનના આયોજક-ટીમના સંજય બચ્છાવ કહે છે. મહારાજાએ ૧૯૦૯ના મરાઠી સાહિત્ય સંમેલનનું ઉદઘાટન કરતાં કહ્યું હતુઃ ''દેશી ભાષા બધાને સમજાય છે.અલગ ભાષાઓના સારા વિચારો બધા સુધી પહોંચે એટલા માટે દેશી ભાષાનો વિકાસ જરૂરી છે.ભાષાની બાબતમાં માત્ર પ્રાંતિક દ્રષ્ટિએ જ વિચારવાને બદલે સમગ્ર રાષ્ટ્રનો વિકાસ કઈ રીતે થાય એનો વિચાર કરવાની જરૂર છે.ભાષાનું મહાત્મ્ય લોકોમાં પ્રેમભાવના પ્રસરાવવા સવિશેષ છે.આ પ્રસંગે આપણી બધાની મુલાકાત એ કંઈ અંતિમ ના ગણવી.'' જોકે મહારાજાએ એ વાતને આગળ વધારીને બીજાં બે મરાઠી સાહિત્ય સંમેલન(૧૯૨૧ અને ૧૯૩૪) વડોદરામાં યોજવાની મોકળાશ કરી આપી. એટલુંજ નહીં, ૧૯૩૨માં કોલ્હાપુરમાં યોજાયેલા ૧૮મા મરાઠી સાહિત્ય સંમેલનમાં પણ મહારાજા અધ્યક્ષસ્થાને હતા, પણ એમની નાદુરસ્ત તબિયતને કારણે એમનું વ્યાખ્યાન સરદાર રામચંદ્ર માનેપાટીલે વાંચવું પડ્યું હતું. ૧૯૨૧ના મરાઠી સંમેલનના ઉદઘાટન વખતે મહારાજાએ કહેલા શબ્દોને અત્યારના શાસકોએ પણ ગૂંજે બાંધવા જેવા છે. સયાજીરાવે કહ્યું હતુંઃ ''સન ૧૯૦૯માં મરાઠી સંમેલન થયા પછી તરત જ ગુજરાતી સંમેલન થયું હતું.તે વખતે ગ્રંથપ્રસાર માટે મેં બે લાખ રૂપિયા જેટલી રકમ અલગ રાખી હતી.તે રકમના વ્યાજમાંથી સારાં પુસ્તકો તૈયાર કરવાની સ્વતંત્ર યોજના શાળા ખાતાએ અમલમાં આણી.અત્યાર લગી એ યોજના હેઠળ ૭૫ જેટલાં નાના-મોટા ગ્રંથ ગુજરાતી અને મરાઠીમાં તૈયાર કરાયા છે, છતાં આ યોજના એટલી સફળ નથી થઈ એનું મનમાં દુઃખ છે.'' મહારાજાએ સ્થાનિક ભાષામાં સારા ગ્રંથ તૈયાર કરાવવા ઉપરાંત સારાં પુસ્તકોના અનુવાદ કરાવીને સ્વભાષામાં જ્ઞાનના ભંડાર ઉપલબ્ધ કરાવવાનું સ્વપ્ન નિહાળ્યું હતું.વડોદરાના ૧૯૩૪ના મરાઠી સાહિત્ય સંમેલનમાં મહારાજા હાજર રહી શક્યા નહોતા, કારણ એ વખતે તેઓ યુરોપના પ્રવાસે હતા.

**સામાન્ય ખેડૂતપુત્રમાંથી ગૌરવવંતા મહારાજા**

બ્રિટિશ ઈન્ડિયામાં સૌથી લાંબો સમય શાસન કરવા માટે ભાગ્યશાળી એવા મહારાજા સયાજીરાવ ત્રીજા મૂળે તો અત્યારના મહારાષ્ટ્રમાં આવેલા નાસિક જિલ્લાના કવળાણે ગામના સામાન્ય ખેડૂત પરિવારમાં જન્મેલા હતા.મૂળ નામ ગોપાળરાવ કાશીરાવ ગાયકવાડ.વડોદરાના મહારાજા ખંડેરાવનાં મહારાણી જમનાબાઈએ એમને દત્તક લીધા અને એ સયાજીરાવ (૧૭ માર્ચ ૧૮૮૩ - ૬ ફેબ્રુઆરી ૧૯૩૯) તરીકે ગાદીએ આવ્યા. મહારાજા સયાજીરાવે ૧૮૮૧માં

અનુસંધાન પાના નં. ૭ પર